સમયમર્યાદા

ક્ર. બજટ/૧૦૨૦૧૯/૨૩/બ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તા:૩૧-૧૨-૧૯

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેર/ખાતાના વડાઓ
માર્ગ અને મકાન વિભાગ

વિષય: સરકારશ્રી દ્વારા વર્કસ કોન્ટ્રાક્ટથી કરવામાં આવતા કામો ઉપર વસૂલ કરેલ જી.એસ. ટી. અંગે માહિતી બાબત

ઉપરોક્ત વિષયે આ સાથે મુખ્ય રાજ્ય વેરા કમિશનરની કચેરી, અમદાવાદના તા. ૨૪/૧૨/૧૯ ના પત્રની નકલથી વર્કસ કોન્ટ્રાક્ટથી કરવામાં આવતા કામો ઉપર વસૂલ કરેલ જી.એસ. ટી. અંગે માંગેલ માહિતી બિડાણમાંના પત્રક મુજબના નિયત નમૂનામાં હાર્ડકોપી અને સોફ્ટ કોપીમાં દિન-૨ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

(વી.એ. જોષી)
ઉપ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

બિડાણ : ઉપર મુજબ

Email ID : so-b-rnb@gujarat.gov.in

જ. પ્ર. ગુપ્તા, આઈ.એ.એસ.
મુખ્ય રાજ્ય વેરા કમિશનર

નં.મુરાવેક/ ૩૭૧૫
મુખ્ય રાજ્ય વેરા કમિશનરની કચેરી,
રાજ્ય કર ભવન, આશ્રમ રોડ,
અમદાવાદ - ૩૮૦૦૦૯.

તારીખ ૨૦/૧૨/૨૦૧૯

વિષય : સરકારશ્રી દ્વારા વર્કસ કોન્ટ્રાકટથી કરાવવામાં આવતા કામો ઉપર જી.એસ.ટી વસૂલ કરવા બાબત.

સ્નેહીશ્રી વસાવા,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, આપના વિભાગ દ્વારા દર વર્ષે બજેટ જોગવાઇને અનુસંધાને ઘણા કામો હાથ ધરવામાં આવે છે. આ કામો મોટા ભાગે ટેન્ડર પ્રક્રિયા દ્વારા એજન્સી નક્કી કરી કરાર આધારે આપવામાં આવે છે. કોન્ટ્રાકટના ધોરણે થતા કામો ઉપર GST કાયદાની સેક્શન ૫૧ ની જોગવાઇ મુજબ GST વેરો ભરવાનો થાય છે. ઘણા કિસ્સાઓમાં એવું જણાયેલ છે કે. આવા કામો ઉપર સરકારશ્રી દ્વારા વેરો ચૂકવવામાં આવે છે. પરંતુ જે તે કોન્ટ્રાકટર (કાયદાકીય ભાષામાં Supplier of Services) દ્વારા વેરો સરકારશ્રી ને ચૂકવવામાં આવતો નથી.

સરકારશ્રી દ્વારા આવા વર્કસ કોન્ટ્રાકટ ઉપર ભરવાના થતા વેરાની સઘન ચકાસણી કરીને પૂર્તતા કરાવવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે. જેથી આપના વિભાગ કે વિભાગના તાબા હેઠળ આવતી કોઇપણ એજન્સી/સંસ્થા દ્વારા રૂ.૧ કરોડથી વધુની રકમના કરવામાં આવેલ/ હાથ ધરવામાં આવેલ કામોની વિગત જાણવી જરૂરી છે. આ માહિતીમાં વર્ષ ૨૦૧૭/૧૮, ૨૦૧૮/૧૯ અને ૨૦૧૯/૨૦ માં હાથ ધરાયેલ અથવા ચૂકવણી કરાયેલ કામોનો સમાવેશ થાય છે. જે માટે આ સાથેના બિડેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની માહિતી મોકલી આપવા અનુરોધ કરૂં છું. આ અંગેની ચકાસણી સમય-મર્યાદામાં કરવાની હોઇ, આ વિગતો તા.૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં અત્રેને મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા સંબંધિત સર્વેને સુચના આપશો તો હું આભારી થઇશ.

આ અંગે વધુ સ્પષ્ટતાની જરૂર જણાય તો અત્રેની કચેરીના શ્રી એચ. જે. પ્રજાપતિ. અધિક કમિશનર (મોબાઇલ નંબર ૯૯૭૮૮૬૫૮૪૪) નો સંપર્ક સાધવા વિનંતી છે.

DS(B)

આપનો સ્નેહાધીન

(જ. પ્ર. ગુપ્તા)

પ્રતિ,
શ્રી એસ. બી. વસાવા.
સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ફોન : ૦૭૯ ૨૬૫૮૧૯૨૯ ફેક્સ : ૦૭૯ ૨૬૫૭૪૬૧૨
વેબસાઈટ : www.commercialtax.gujarat.gov.in
ઈ મેઈલ : commi-stax@gujarat.gov.in

# Annexure

| Name of Project | Nature of Project Supply of Material /Service /Works Contract | Name of Contractor | GST No. of The Cotractor | Total Sanctioned Amount of The Project | Amount Paid During The Year | | | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 2017-18 | 2018-19 | 2019-20 | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |